# જીવનમંત્ર

## ભક્ત જીવનનો અનુપમ આદર્શ





પૂર્ણ પુરુષોત્તમ
ભગવાન સ્વામિનારાયણ

# શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)



જીવનપ્રાણ
અબજીબાપાશ્રી

સત્ય, અહિંસા, પ્રામાણિકતા, કૌટુંબિક એકતા આદિ સામાન્ય આચરણથી લઈને આધ્યાત્મિક દિવ્ય આચરણોનું સિંચન કરવું તેમજ સનાતન ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની આધ્યાત્મિક અલૌકિક સ્થિતિનો આસ્વાદ માણતા એક દિવ્ય સમાજની રચના કરી શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ તૈયાર કરવો એ જ એકમાત્ર આ આધ્યાત્મિક સ્વામિનારાયણ સંસ્થાનું લક્ષ્ય છે.

દેશ અને સમાજની પ્રત્યેક વ્યક્તિમાં આધ્યાત્મિકતાની નવી ચેતના પ્રગટાવી જીવનપરિવર્તનના મહામૂલા કાર્યમાં આ **SMVS** સંસ્થા સતત પ્રવૃત્ત રહે છે. સંસ્થાના ૧૦૦ જેટલા સંતો-પાર્ષદો તથા ૧૦૧ જેટલાં ત્યાગી મહિલામુક્તો, ૧૦,૦૦૦થી પણ વધુ કાર્યકરો અને સ્વયંસેવકો સંસ્થા દ્વારા ચાલતાં સેંકડો બાળ-બાલિકા મંડળો, યુવા-યુવતી મંડળો તથા પુરુષ-મહિલાનાં સંયુક્ત મંડળોમાં જીવનપરિવર્તનની દિવ્ય પ્રેરણા આપી પોતાના જીવનની સાફલ્યતાને અનુભવી રહ્યા છે. અવનવાં આધ્યાત્મિક અભિયાનો દ્વારા જન જન સુધી પહોંચી અજ્ઞાન ને દુ:ખરૂપી તિમિરને દૂર કરી જ્ઞાન ને સુખરૂપી પ્રકાશ પાથરી રહ્યાં છે.

ભારત, યુ.કે., અમેરિકા, કૅનેડા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ, કુવૈત, દુબઈ, કેન્યા, યુગાન્ડા, ઝામ્બિયા આદિ દેશોમાં આધ્યાત્મિક સેવાઓનાં સોપાન સર કરવાની સાથે સર્વજનહિતાવહ એવાં સામાજિક સેવાકાર્યોમાં પણ આ સંસ્થા ભાગીરથી બની રહી છે. શિક્ષણ, સંસ્કાર અને સત્સંગનો ત્રિવેણી સંગમ ખડો કરી, ગુરુકુલ જેવા પરિસરો બાંધી અનેક તરુણોના જીવનને ઘાટ આપવાનું સેવાકાર્ય તો વળી જરૂરિયાતમંદોને શૈક્ષણિક તેમજ તબીબી સહાયની સેવાથી માંડી વસ્ત્રદાન, રોગનિદાન કૅમ્પ, રક્તદાન કૅમ્પ જેવી અનેક સેવાઓ તેમજ તબીબી સેવામાં વિશેષ રૂપે મેડિકલ સેન્ટરો તથા **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલ આદિ સેવાઓ પણ આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. ભૂકંપની હોનારત હોય કે પછી પૂરની તારાજી હોય પરંતુ જનહિતાવહ કાજે રાહતકાર્યની સેવામાં આ સંસ્થા સર્વત્ર ખડે પગે હાજર રહે છે.

સંસ્થાની આવી મહામૂલી આધ્યાત્મિક, સામાજિક તેમજ સર્વજનહિતાવહ સેવા-પરિચર્યાનાં અજવાળાં સર્વત્ર જનમાનસમાં ફેલાયાં છે. દેશ અને સમાજના જન જન પ્રત્યે આ સંસ્થા પોતાનાં સેવાકાર્યો અને આધ્યાત્મિક મૂલ્યોની સુવાસ પ્રસરાવવામાં સદાય અગ્રેસર રહી છે ને રહેશે.

# જીવનમંત્ર

## ભક્ત જીવનનો અનુપમ આદર્શ

**સંપાદન કાર્ય**

સાહિત્ય લેખન વિભાગ


**પ્રકાશક**

સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ

સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર - ૩૮૨૪૨૧

**Jivanmantra (Gujarati Edition)**

| | | |
|---|---|---|
| **Compilation by** | : | Sahitya Lekhan Vibhag |
| **Presented by** | : | Swaminarayan Mandir Vasna Sanstha (**SMVS**) |
| **Inspirer** | : | HDH Satyasankalpdasji Swamishri |
| **Publisher** | : | Satsang Sahitya Department<br>Swaminarayan Dham, Gandhinagar-382421<br>Phone : 9925237004 • Email :ssd@in.smvs.org |
| **Edition** | : | Second, November-2025 |
| **Copies** | : | 7000 Copies |
| **ISBN** | : | 978-81-979369-9-9 |
| **રજૂકર્તા** | : | સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS) |
| **આદ્ય સ્થાપક** | : | શુદ્ધ ઉપાસના પ્રવર્તક પ.પૂ. અ.મુ. સદ્.<br>શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (ગુરુદેવ પ.પૂ. બાપજી) |
| **પ્રેરક** | : | પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી<br>(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી) |
| **આવૃત્તિ** | : | દ્વિતીય, નવેમ્બર–૨૦૨૫ |
| **પ્રત** | : | ૭૦૦૦ નંગ |
| **મૂલ્ય** | : | ₹ ૧૭/–     **સેવા મૂલ્ય : ₹ ૧૦/–** |
| **મુદ્રક અને પ્રકાશક** | : | સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ<br>સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર–૩૮૨૪૨૧ |



# ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય આશીર્વાદ

ગાડી, બંગલા, માન-સન્માન, કીર્તિ, વાહ વાહ, વિષયસુખ પ્રાપ્ત કરી રાજી થવું તે જગતના જીવનો ધ્યેય છે. જ્યારે સર્વોપરી નિષ્ઠા, મહિમા, મમત્વભાવ, સેવા, સમર્પણ દ્વારા ભગવાન સ્વામિનારાયણ, મોટાપુરુષ અને સંતો-ભક્તોને રાજી કરવા તે ભગવાનના ભક્તનો ધ્યેય છે.

નવ કલમો દ્વારા સ્વામિનારાયણ ભગવાનના ભક્તનો જીવનમંત્ર શું હોવો જોઈએ તેનું આ પુસ્તિકામાં સુંદર આલેખન થયું છે. તેનું એકાંતે બેસી વાંચન કરશે, તેમાં આલેખાયેલ દિવ્ય પાત્રોના પ્રસંગોનું મનન કરશે તથા તેમના દિવ્ય ગુણોને સ્વજીવનમાં ચરિતાર્થ કરવા આગ્રહી બનશે તે સાધનકાળમાં શ્રીજીમહારાજ, મોટાપુરુષ અને સંતો-ભક્તોના અંતરનો રાજીપો કમાઈ જશે અને છતે દેહે અનાદિમુક્તની સ્થિતિ પામવાની પાત્રતા પ્રાપ્ત કરી શકશે.

જે પરિવારમાં સૌ સભ્યો ભેગા બેસી આ પુસ્તિકાનું વારંવાર પઠન-મનન કરી સ્વજીવનમાં જણાતી કસર દૂર કરી રાજીપાના માર્ગે આગળ વધવા દૃઢ સંકલ્પી બનશે તો તે શ્રીજીમહારાજની માળાના મણકામાં નિઃશંક સ્થાન પામશે જ.

સ્નેહ સાધુ સત્યસંકલ્પદાસના
જય સ્વામિનારાયણ

# પ્રસ્તાવના

આજની આ ભૌતિકવાદની દુનિયામાં દરેક વ્યક્તિ પોતાના જીવનનો અર્થ અને ધ્યેય શોધી રહી છે. કેટલાક પૈસા, પદ કે પ્રતિષ્ઠા પાછળ ભાગે છે. જ્યારે અન્ય લોકો વિષયસુખ અને વ્યસનોમાં પોતાનું જીવન વેડફી નાખે છે. આવા લોકો માટે જીવન એક અણસમજુ પ્રવાસ સમાન બની જાય છે.

જોકે, ઉત્તમ અને મહાન વ્યક્તિઓ પોતાના જીવનરથને કોઈ ઉચ્ચતમ જીવનમંત્રો સાથે આગળ ધપાવે છે. મહાત્મા ગાંધીએ સત્ય અને અહિંસાને જીવનનો મંત્ર બનાવ્યો. આપણા ગુરુદેવ પ.પૂ. બાપજીનો મંત્ર હતો ‘સિદ્ધાંતમાં સમાધાન નહિ ને નિયમ-ધર્મમાં છૂટછાટ નહીં.’ આ પુસ્તિકા ‘જીવનમંત્ર’ એવા જ એક દિવ્યજીવન માટેનું માર્ગદર્શન પૂરું પાડે છે.

જીવનમંત્ર એટલે જીવનનો ધ્યેય કે હેતુ પૂર્ણ કરવા માટે સહાયભૂત થતાં મૂલ્યો કે અગત્યનાં પાસાં અને ગુણો. સરળ શબ્દોમાં તે એક આત્મપ્રતિજ્ઞા છે કે, ‘હું મારા જીવનમાં આ જ કરીશ અને આ નહિ જ કરું.’ આ પુસ્તિકામાં વ્હાલા ગુરુજીએ આપણને આપેલ અદ્‌ભુત ભેટ ‘જીવનમંત્ર’ની દૃષ્ટાંત સહ વિગતે સમજૂતી આપી છે. જેમાં નવ કલમોના રૂપમાં જીવન જીવવાના નવ આદર્શો આપવામાં આવ્યા છે. આ મંત્ર કારણ સત્સંગી તરીકે આપણે કેવા આદર્શો સાથે જીવન જીવવું જોઈએ તેનું માર્ગદર્શન આપે છે.

આ પુસ્તિકામાં આપવામાં આવેલા પ્રેરણાદાયી પાત્રોનું મનન-ચિંતન કરી આપણે પણ આ નવ કલમોને સ્વજીવનમાં ચરિતાર્થ કરીએ.

ઈ.સ. ૨૦૨૫માં એસ.એમ.વી.એસ. સંસ્થાનું મુખપત્ર ઘનશ્યામ મૅગેઝિન પચાસ વર્ષની સુવર્ણયાત્રા કરી રહ્યું છે. ત્યારે વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ સંકલ્પ કર્યો છે કે, 'ઘનશ્યામ મૅગેઝિનમાં લોકપ્રિય બનેલી શ્રેણી 'જીવનમંત્ર'ની નવ કલમોને સંવર્ધિત કરી નૂતન પુસ્તિકા સ્વરૂપે સમગ્ર હરિભક્ત સમાજને અર્પણ કરીએ. જેથી સૌ આ મંત્રોને સ્વજીવનમાં લક્ષ્યાર્થ કરી શ્રીજીમહારાજ અને વ્હાલા ગુરુદેવને રાજી કરી, મૂર્તિસુખના અધિકારી બને.' ગુરુજીના આ સંકલ્પ મુજબ 'જીવનમંત્ર' પુસ્તિકા પ્રકાશિત કરતાં અમો હર્ષની લાગણી અનુભવીએ છીએ. આ પ્રકાશન માત્ર એક પુસ્તિકા નથી પરંતુ આપણને પથદર્શકરૂપ તથા આવનારી પેઢીઓને અવિરત પ્રેરણા આપતું એક અદ્ભુત ડિવાઇન લાઇફ નૅવિગેટર છે.

આશા રાખીએ કે આ પુસ્તિકા વાંચ્યા પછી આપણા જીવનમંત્રને વધુ સ્પષ્ટતાથી સમજવામાં મદદ મળશે અને આદર્શ જીવન જીવવા માટે પ્રેરિત થવાશે.

**- સાહિત્ય લેખન વિભાગ**

# અનુક્રમણિકા


જીવનમંત્ર : એક આદર્શ ....................................................૦૭

કલમ – ૧ : સ્વામિનારાયણ ભગવાન મારા ઇષ્ટદેવ છે ........................૧૧

કલમ – ૨ : આ સત્સંગ મારું ઘર છે ..........................................૧૯

કલમ – ૩ : મહારાજની મૂર્તિ મારો ધ્યેય છે ...................................૨૬

કલમ – ૪ : છતે દેહે હું મૂર્તિધામમાં જ છું ....................................૩૩

કલમ – ૫ : મહારાજ માટે જ મારો જન્મ છે ...................................૪૦

કલમ – ૬ : એમના થઈને જ સદા જીવવું છે ..................................૪૬

કલમ – ૭ : ભગવાન અને સંતની સેવા એ જ મારું સુખ છે.....................૫૩

કલમ – ૮ : એમની આજ્ઞા અને અનુવૃત્તિમાં જ સદા રહીશ....................૬૦

કલમ – ૯ : સત્સંગીમાત્રના સુખ–દુ:ખમાં સદા ભાગીદાર થઈશ..............૬૭

# જીવનમંત્ર : એક આદર્શ

એક રાજા જંગલમાં ફરવા નીકળ્યા. પરંતુ જંગલમાંથી બહાર નીકળવાનો રસ્તો ભૂલી ગયા. સાંજ પડી ગઈ. રાજાને ખૂબ ભૂખ લાગી હતી. દૂર એક સંન્યાસી શિષ્યની પર્ણકુટીર જોઈ ભોજનની આશાએ રાજા અંદર પ્રવેશ્યા. સંન્યાસી શિષ્યએ રાજાનું આદરભાવે સ્વાગત કર્યું. ભોજન જમાડ્યું. રાજાએ તેને ચંદનની વાડી ભેટ આપી. સંન્યાસી શિષ્યને ચંદનના વૃક્ષ વિષે ખાસ કાંઈ જ્ઞાન નહોતું. આથી તેણે ચંદનનાં લાકડાં કાપી વેચવા માંડ્યાં.

એક એક કરતાં બધા જ વૃક્ષોનાં લાકડાં વેચી કાઢ્યાં.

એક દિવસ ગુરુએ જ્ઞાનોપદેશમાં વાત કરી કે, ''વને વને અગર નવ હોય. જંગલમાં હજારો વૃક્ષોએ એક ચંદન વૃક્ષ હોય. જેની કિંમત લાખોમાં હોય.'' ગુરુની વાત સાંભળી સંન્યાસી શિષ્યને પશ્ચાત્તાપ થયો કે પોતે તો પાણીના ભાવે ચંદનનાં લાકડાં વેચી વાડી ઉજાડી દીધી.

શિષ્યે ગુરુને વાત કરી. શિષ્યની અણસમજ અને પસ્તાવો જોઈ ગુરુ બોલ્યા, ''વત્સ, પશ્ચાત્તાપ ન કરીશ. આ આખી દુનિયા તારી જેમ જ અણસમજુ છે. જીવનની દરેક ક્ષણ બહુ જ કીમતી છે પણ લોકો તેને કોડીની કિંમતે વેડફી નાખે છે.''

વાર્તા પરથી મળતો બોધ ખરેખર મર્મ ભરેલો છે. ચંદન સમ મનુષ્યજીવન ખરેખર પ્રભુભક્તિ કરી આત્યંતિક મોક્ષ પામવા માટે છે. પરંતુ બહુધા માનવી પૈસા, પદ, પ્રતિષ્ઠા તથા

વિષયસુખ પ્રાપ્ત કરવા પાછળ જ કીમતી મનુષ્યજીવન કોડીની કિંમતે વેડફી નાખે છે. આ જ તેનો જીવનમંત્ર બની ગયો હોય છે. અને જ્યારે પોતે કરેલી ભૂલનો અહેસાસ થાય ત્યારે ઘણો સમય વીતી ચૂક્યો હોય છે.

'Eat, drink and be merry' એટલે કે 'ખાવું, પીવું ને વિષય ભોગવવા' આ જીવનમંત્ર અપનાવીને જીવન જીવનાર માનવી માનવના વેષમાં કેવળ પશુ જ છે.

ઉત્તમ અને મહાન વ્યક્તિ પોતાના જીવનરૂપી રથ કોઈ ઉચ્ચતમ મૂલ્યો સાથે આગળ હંકારતા હોય છે. એ જીવનમંત્રથી જ મહાન વ્યક્તિની મહાનતા પરખાતી હોય છે.

સત્ય અને અહિંસાને જીવનનો મંત્ર બનાવી ભારત દેશને આઝાદી અપાવનાર મહાત્મા ગાંધી આમાંની જ એક મહાન હસ્તી હતી.

'સિદ્ધાંતમાં સમાધાન નહિ ને નિયમ-ધર્મમાં છૂટછાટ નહીં.' આ જીવનમંત્રને જીવન પર્યંત વળગી રહી આપણા સૌના જીવનમાં સિદ્ધાંત અને ધર્મ-નિયમના અવિચળ ખૂંટ ખોડી સમગ્ર સંપ્રદાયમાં **SMVS**ની આગવી ગુડવિલ ઊભી કરનાર યુગપુરુષ એટલે આપણા ગુરુદેવ પ.પૂ. બાપજી.

આપણને સૌને કાર્યનું બંધન તોડાવી કારણ સ્વરૂપ શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડવાની નેમ લઈ આ બ્રહ્માંડમાં પધારેલા દિવ્ય સત્પુરુષ વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના જીવનમાં પળે પળે એક જીવનમંત્રનાં દર્શન થાય છે – 'અનંતને અનાદિની સ્થિતિ કરાવવી જ છે.'

ટૂંકમાં, જીવનમંત્ર એટલે નક્કી કરેલ જીવનનો ધ્યેય કે હેતુને પૂર્ણ કરવા માટેનાં સહાયભૂત મૂલ્યો કે અગત્યનાં પાસાં, ગુણો. જેને આનુષંગિક રહીને જ ધ્યેયપૂર્તિનું મિશન પાર પાડવાનું હોય છે.

વ્હાલા ગુરુદેવ અને વ્હાલા ગુરુજીના જોગ-સમાગમે હવે બુદ્ધિકક્ષાએ, દેહભૂમિકાએ એટલું તો સમજાયું છે કે આપણો જીવનધ્યેય છે – અવરભાવમાં મહારાજ અને મોટાપુરુષને રાજી કરવા અને પરભાવમાં અનાદિની સ્થિતિ પામી મૂર્તિનું સુખ પામવું. હવે તેને લક્ષ્યાર્થ ભૂમિકા પર લઈ જવા માટે જ વ્હાલા ગુરુદેવની અનુજ્ઞા-પ્રેરણાથી ગુરુજીએ આપણને એક અદ્‌ભુત જીવનમંત્રની ભેટ આપી છે.

જગતના દેહધારી જીવોનો જીવનમંત્ર પૈસો, પદ, પ્રતિષ્ઠા તથા પંચવિષયમાં આસક્ત થવું તે જ છે. ઉત્તમ માનવીનો જીવનમંત્ર પ્રામાણિકતાના માર્ગે ચાલવું તે છે. જ્યારે ભગવાનના ભક્ત તરીકે આપણો જીવનમંત્ર શું અને કેવો હોવો જોઈએ તેની દિશા આપણને ક્યાં હતી ? એટલે જ કેવળ કૃપા કરી બંને દિવ્ય સત્પુરુષોએ આપેલ આ જીવનમંત્રની નવ કલમોનું આવો આચમન કરી તે પ્રમાણે અનુસરવા કટિબદ્ધ બનીએ :

સ્વામિનારાયણ ભગવાન મારા ઈષ્ટદેવ છે.

આ સત્સંગ મારું ઘર છે.

મહારાજની મૂર્તિ મારો ધ્યેય છે.

છતે દેહે હું મૂર્તિધામમાં જ છું.

મહારાજ માટે જ મારો જન્મ છે.

એમના થઈને જ સદા જીવવું છે.

ભગવાન અને સંતની સેવા એ જ મારું સુખ છે.

એમની આજ્ઞા ને અનુવૃત્તિમાં જ સદા રહીશ.

સત્સંગીમાત્રના સુખ-દુઃખમાં સદા ભાગીદાર થઈશ.

આ જીવનમંત્ર આપણને મળેલી સર્વોપરી પ્રાપ્તિનું ગૌરવભાન કરાવે છે. શ્રીજીમહારાજ, મોટાપુરુષ, મંદિર, સત્સંગ સભા, સંબંધવાળા સંતો-ભક્તો પ્રત્યે મમત્વભાવ અને અસ્મિતાની જ્યોત પ્રગટાવે છે. આપણા જીવનધ્યેયનું અનુસંધાન અપાવે છે. આત્યંતિક કલ્યાણ થઈ જ ગયાનું પૂર્ણકામપણું અને કૃતાર્થપણું દૃઢ કરાવે છે. આજ્ઞા-અનુવૃત્તિ, સેવા-સમર્પણ અને બલિદાનની ભાવના જન્માવે છે. ટૂંકમાં પ્રાપ્તિથી સ્થિતિ સુધી પહોંચવાનું માર્ગદર્શન આપે છે.

આ જીવનમંત્ર જેણે પોતાના જીવનમાં લક્ષ્યાર્થ કર્યો છે એવા ભૂતકાળ અને વર્તમાનના પ્રેરણાદાયી પાત્રોનું દર્શન કરી જીવનમંત્રની નવ કલમો પ્રમાણે અનુસરવા કૃતનિશ્ચયી બનીએ એ જ અભિલાષા.

# કલમ ૧

# સ્વામિનારાયણ ભગવાન મારા ઈષ્ટદેવ છે

જીવનમંત્રની આ સૌપ્રથમ કલમ દ્વારા વ્હાલા ગુરુજી આપણને મળેલા મહારાજની ખુમારી, કેફ તથા એમને વિષે અચળ આશરો કહેતાં પતિવ્રતાની ભક્તિની દૃઢતા કરાવવા માગે છે. સર્વોપરી નિષ્ઠા અને પતિવ્રતાની ભક્તિ આ કારણ સત્સંગનો મૂળભૂત પાયો છે. જે દૃઢ કરવો કારણ સત્સંગના દરેક સભ્ય માટે ફરજિયાત છે.

આ કલમનું ઉચ્ચારણ કરતાં જ રોમાવલીઓ ખડી થઈ જાય, છાતી ફૂલી જાય... એ મળેલા મહારાજની અસ્મિતાનું પ્રતીક છે. ‘મારા ઈષ્ટદેવ છે’ આ શબ્દ જ પાવર આપી દે. મારા એટલે મારા આગવા, પર્સનલ. ઈષ્ટદેવ એટલે મુખ્ય દેવ, મારા સૌથી પ્રિય દેવ, મારા પ્રાણાધાર છે. કોણ ? અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ, સર્વોપરી, સર્વાવતારી સ્વામિનારાયણ ભગવાન.

"કેવા મળ્યા છો આપ હરિ, કેવી અઢળક દયા કરી;
કોટાનકોટિને એક જ મળી, કિરણ વ્યાપી રહી છે ધરી;
જ્યારે મુજને અનાદિ કરી, મુખોન્મુખ મળ્યા છો હરિ."

કોઈ દાતણવાળીને ચક્રવર્તી રાજા રાણી કરી દે તો રાણીને પોતાની અને પોતાના ધણીની ઓળખ આપતાં કેટલું ગૌરવ થાય કે ચક્રવર્તી રાજાધિરાજ મારા પતિદેવ છે. બસ, એવું જ કંઈક આપણા કેસમાં બની ગયું છે. અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ, રાજાધિરાજ સ્વામિનારાયણ ભગવાન આપણા ઈષ્ટદેવ છે. આનંદનો મહાસાગર ઊલટે એવી આ વાત છે. હવે આ કલમને આપણે આપણા જીવનમાં ચરિતાર્થ કરવાની છે.

પતિવ્રતાની ભક્તિ ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણને વિષે ન વર્તે ને અન્ય અવતારાદિકનો ભાર, પ્રતીતિ, મહિમા, પ્રીતિ રહી જાય તો શું પરિણામ ભોગવવું પડે તે સ્વયં શ્રીહરિનાં જ વચનો દ્વારા જોઈએ.

"સત્સંગમાં રહીને જે પરોક્ષની આરાધના-ઉપાસના કરે તો તે અક્ષરધામમાં જઈ શકતો નથી." અર્થાત્ બીજા કોઈ ધામમાં અટકી જાય છે.

- શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર-૪, તરંગ-૧૯

શ્રીજીમહારાજનાં આ વચન વાંચી જરા થોભીએ... વિચારીએ... મહારાજ સિવાય કોઈ અન્ય ઐશ્વર્યાર્થીનો, દવા-ઔષધ, જંત્રમંત્ર, દોરાધાગા, શુકન-અપશુકનનો ભાર, પ્રતીતિ કે પ્રીતિ રહી જતી નથી ને ? દૈહિક, આર્થિક દુઃખોમાં

પોતાના ઈષ્ટદેવને છોડી આવા કોઈ માધ્યમોનો આશરો લઈ લેવાતો નથી ને ?

શ્રીજીમહારાજનો ખરો શરણાગત થાય તેને જંત્રમંત્ર, દોરાધાગા આદિ કોઈનો ભાર ન રહે. એકમાત્ર શ્રીજીમહારાજ પ્રત્યે અતૂટ શ્રદ્ધા અને અચળ ભરોસો હોય.

પારસના સ્પર્શથી લોઢું સોનું થઈ જાય તેમ સદ્. ગુણાતીતાનંદ સ્વામીના દિવ્ય યોગમાં આવતાં બહારવટિયે ચડેલા ખૂનખાર લુટારુ વાલેરા વરુનું જીવન પરિવર્તન થઈ ગયું. સ્વામીના સમાગમથી સત્સંગી બન્યા અને શ્રીજીમહારાજની દૃઢ નિષ્ઠા થઈ ગઈ.

એક વખત વાલેરા વરુ દીર્ઘ માંદગીમાં સપડાયા. વૈદ્યો-હકીમોની ઘણી દવા કરી પરંતુ તબિયત સુધરવાને બદલે વધુ કથળતી ગઈ. આથી તેમના બહેનની શ્રદ્ધા ખૂટી. મંતરેલો દોરો બાંધવા વાલેરાને ભલામણ કરી. વાલેરાએ કહ્યું, ‘‘મારા મહારાજની મરજી હશે તેમ થશે. આ દેહના સુખ સારુ મારા ઈષ્ટદેવની ઉપાસનાનો ભંગ નહિ કરું.’’ આથી વાલેરાને ખબર ન પડે તે રીતે તેમની બહેને મંતરેલો દોરો ખાટલાના પાયે બાંધી દીધો.

એ રાત્રે સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ હસ્તમાં ખડ લઈ વાલેરાને સ્વપ્નમાં દર્શન દીધાં, ‘‘વાલેરા, સિંહ થઈને ખડ ખાધું ને !’’ આવું ત્રણ વખત સ્વામીએ કહ્યું છતાં વાલેરાને કાંઈ ખબર ન પડી. પરંતુ બીજા દિવસે ખબર પડી કે બહેને ખાટલાના પાયે મંતરેલો દોરો બાંધ્યો છે. આથી પોતાના પ્રભુ પરત્વે પતિવ્રતાની ભક્તિમાં ભંગ કરાવનાર બહેન પર ધૂંઆપૂંઆ થયા ને જીવન પર્યંત બહેનનું મુખ જોયું નથી.

વર્તમાનકાળે વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી અને વ્હાલા ગુરુજીના જોગ-સમાગમે કેવા નિષ્ઠાવાન સહજાનંદી સિંહ સમાન હરિભક્ત સમાજની વણઝાર ઊભી થઈ છે !

અમદાવાદ, ઘોડાસર વિસ્તારમાં રહેતા કિશોરમુક્ત દીપભાઈ પરષોત્તમભાઈ પટેલના જીવનનો આ પ્રસંગ છે. મે, ૨૦૨૫માં આ મુક્તરાજ કમળાના રોગથી ઘેરાયા. ડૉક્ટરી તપાસ બાદ ખબર પડી કે કમળો ચોવીસ પૉઈન્ટ છે. તેમને હૉસ્પિટલાઈઝ કર્યા. થોડી રાહત થતાં રજા મળી. પરંતુ ગામડે (લુણાવાડા) વસતા સંબંધીજનો મંતરેલો દોરો કરાવીને આ મુક્તરાજને બાંધવા લઈ આવ્યા. દોરો જોઈ મુક્તરાજ બેબાકળા બની ગયા. તેમણે કહ્યું કે, ‘‘આ દોરો હું આજેય નહિ બાંધું અને કાલે પણ નહિ જ બાંધું. મને મારા મહારાજ પર ભરોસો છે. એ જે કરે છે તે સારું જ કરતા હશે.’’

આટલેથી ન પત્યું. થોડા દિવસ બાદ બૉમ્બેથી તેમના કાકા લુણાવાડા આવેલા. તેમણે મુક્તરાજને ફોન કરી કહ્યું, ‘‘દોરો ન બંધાવવો હોય તો કાંઈ નહિ પરંતુ ગામડે આવી જા તો કમળો ઉતરાવી દઈએ.’’ મુક્તરાજ જાણતા હતા કે કમળો ઉતરાવવાનો વિધિ કરાવવા પરોક્ષ સ્થાનમાં લઈ જાય. માટે તેમણે સ્પષ્ટ મનાઈ કરી દીધી.

કેવી શ્રીજીમહારાજને વિષે અનન્ય નિષ્ઠા !! દૈહિક બીમારીમાં આપણે આવી શ્રદ્ધા, ભરોસો, નિષ્ઠા મહારાજ પ્રત્યે રાખી શકીએ છીએ ? કે જ્યાં ત્યાં માથાં

ભટકાડવાની ઈચ્છા થઈ આવે છે ??

શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથમાં પૂર-૧૦, તરંગ-૫૪માં શ્રીહરિએ કહ્યું છે કે, “દીર્ઘરોગ થાય અને રાત-દિવસ પીડાથી રડે તોપણ અજાણ્યું ઔષધ ખાય નહીં. મલિન મંત્ર જપાવે નહિ, દોરા બંધાવે નહિ, મલિન શક્તિની પ્રતીતિ રાખે નહીં. સત્સંગ રાખતાં હાનિ થાય તોપણ હઠે નહિ, પરંતુ ચઢતો રંગ રહે અને અગ્નિમાં સુવર્ણની પેઠે જેમ તપે તેમ પ્રદીપ્ત થાય એ નિશ્ચયવાળાનું લક્ષણ છે.”

જેમ કેસરી સિંહ સો લાંઘણ પડે તોય કદી ઘાસ ન ખાય તેમ ઈષ્ટદેવ સર્વોપરી ભગવાન સ્વામિનારાયણનો આશ્રિત કદાચ ગમે તેવાં દુઃખ, મુશ્કેલી, પીડા, આપત્તિથી ઘેરાયેલો હોય તોપણ ભગવાન સ્વામિનારાયણ સિવાય અન્ય કોઈનો આશ્રય ન લે. ‘મેરે તો એક તુમ હી આધારા’નો જબરજસ્ત રજમો હોય.

ડભાણમાં વિષ્ણુદાસ પટેલ અને તેમનાં ધર્મપત્ની ભગવાન સ્વામિનારાયણનાં નિષ્ઠાવાન ભક્ત હતાં. ઘરની સ્થિતિ દુર્બળ. બે દીકરિયું હતી તે પરણાવી દીધેલ. એકેય દીકરો નહીં. વળી, શરીર અનેક રોગોનું ઘર બની ગયેલું. છતાં શ્રદ્ધાપૂર્વક રોજ ચાલતાં મંદિરે ઠાકોરજીનાં દર્શન કરી મજૂરીકામે જતાં.

એક દિવસ રસ્તા પર તેઓની આગળ એક પરોક્ષના મહાત્માજી ચાલ્યા જતા હતા. રસ્તામાં બે આખલા ક્રોધાવેશમાં આવી સામસામે ઝઘડી રહ્યા હતા. રસ્તા પર તેમનું ગાંડપણ જોઈ વિષ્ણુદાસ અને તેમનાં પત્ની એક ઓટલા પર ચડી ગયાં. પરંતુ મહાત્માજી આખલાની હડફેટમાં આવી ગયા. આખલાએ શીંગડાં વડે

મહાત્માજીને દૂર ફંગોળી દીધા. શરીરે બેઠો માર વાગતાં તેઓ બેભાન થઈ ગયા. માણસાઈના ધર્મે વિષ્ણુદાસ અને તેમનાં પત્ની મહાત્માજીને ઝોળીમાં નાખી ઘરે લઈ ગયા. હળદર-મીઠાને લસોટી તેનો લેપ આખા શરીરે લગાવ્યો. થોડા દિવસ રોજ આવી રીતે સેવા કરી મહાત્માજીને સાજા કર્યા.

મહાત્માજીએ તેમની ઘરસ્થિતિને જોઈ નીકળતી વખતે ઝોળીમાંથી ત્રણ ગોટી કાઢી અને વિષ્ણુદાસ પટેલને કહ્યું, "હું તમારી નિઃસ્વાર્થ સેવાભાવનાથી રાજી થયો છું. હિમાલયની તળેટીમાંથી ત્રણ જડીબુટ્ટી લાવ્યો છું. પ્રથમ કેસરી કલરની આ ગોટીને ઘસીને પી જજો. તમારે ત્યાં એક પુત્ર થશે. બીજી પીળા કલરની ગોટી ઘસીને પી જશો તો શરીરના તમામ રોગો નાબૂદ થઈ જશે. ત્રીજી લાલ કલરની ગોટી ઘસીને પી જશો તો તમારું દારિદ્ર ટળી જશે."

મહાત્માજીની વાત સાંભળી વિષ્ણુદાસ પટેલ બોલ્યા, "મહાત્માજી, આ ગોટીથી જો અમારાં દુઃખ ટળવાનાં હોય તો તેને પાછી ઝોળીમાં મૂકી દો. અમને જે દુઃખ છે તે તો અમારા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણની ઈચ્છા-મરજીથી છે. અમારી કોઈ આજ્ઞાલોપની શિક્ષા હશે. આ તો ઈષ્ટદેવની આપેલી પ્રસાદી છે. સ્વામિનારાયણ ભગવાન અમારા ઈષ્ટદેવ છે. તેઓ રાજી થઈ અમારાં દુઃખ કાપશે તે'દી અમને મંજૂર છે. પરંતુ લૌકિક સુખ માટે થઈ આ જડીબુટ્ટીનો આધાર અમારે લેવો નથી."

આ સત્સંગી દંપતીએ એકમાત્ર ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણનો જ આધાર

પકડી રાખ્યો. સુખી થવાની ચાવી નજર સામે હોવા છતાં અનાશ્રયનો સંકલ્પ સુધ્ધાં થયો નહીં. લૌકિક સુખપ્રાપ્તિ માટે થઈ અનાશ્રય કરી ઇષ્ટદેવની ઉપાસનામાં ભંગ ન કરાય આ બાબતની કેટલી દઢપણે સ્પષ્ટતા હશે. એટલું જ નહિ, આ મહાત્માજીને સમાગમ કરાવી ભગવાન સ્વામિનારાયણની નિષ્ઠા દૃઢ કરાવી દીધી. થોડા દિવસ બાદ શ્રીજીમહારાજ ડભાણ પધાર્યા ત્યારે મહાત્માજીએ મહારાજનાં દર્શન કરી સાધુ થવા પ્રાર્થના કરી. મહારાજે તેમને દીક્ષા આપી સાધુ કર્યા. તેમનું નામ પાડ્યું ‘વૈરાગ્યાનંદ સ્વામી’.

વ્હાલા મુક્તો, જો આપણે વ્હાલા ગુરુદેવ અને વ્હાલા ગુરુજી જેવા દિવ્ય સત્પુરુષને સેવ્યા હોય તો સ્વજીવનમાં આપણે પણ સર્વોપરી ઉપાસનાની આવી ખુમારી રાખીએ.

**સ્વઅધ્યયન**

૧. સ્વામિનારાયણ ભગવાન મારા ઈષ્ટદેવ છે એવું ગૌરવથી સૌની આગળ બોલી શકીએ છીએ ? ☐
૨. સ્વામિનારાયણ ભગવાન સિવાય અન્ય કોઈનો ભાર-પ્રતીતિ-પ્રીતિ રહી જાય છે ? ☐
૩. ગુણગાન, મહિમાગાન, ભક્તિ, ઉપાસના, સેવા, પૂજા વગેરે પતિવ્રતા સ્ત્રીની પેઠે એક ભગવાન સ્વામિનારાયણનું જ થાય છે ? ☐
૪. કોઈ વિપરીત સ્થિતિ-પરિસ્થિતિમાં કોઈ પણ પ્રકારની અંધશ્રદ્ધાનો આધાર

લઈ લેવાય છે ? ☐

૫. લૌકિક સુખની પ્રાપ્તિ માટે કદી અનાશ્રય થઈ જાય છે ? ☐

**દૃઢ સંકલ્પ કરીએ કે,**

જે સુખ-દુઃખ આવે તેને ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનની મરજી સમજી રાજી રહેવું છે. શ્રદ્ધા ખૂટે તો શ્રીજીમહારાજને પ્રાર્થના કરવી પરંતુ અનાશ્રય તો નથી જ કરવો.

## સત્સંગીનો સારથિઃ જીવનમંત્રની નવ કલમ

ભૌતિકવાદની દોટમાં જીવનનો સાચો હેતુ શોધવા માટે 'જીવનમંત્ર' પુસ્તિકા અચૂક વાંચો. ગુરુજીએ આપેલી નવ કલમો અને દિવ્ય આદર્શો દ્વારા આ પુસ્તિકા આપણને એક આત્મ પ્રતિજ્ઞા લેતા શીખવે છે. મહારાજ અને મોટાપુરુષોના જીવનના પ્રસંગો સાથે સમજાવેલું આ માર્ગદર્શન દરેક સત્સંગી માટે અનિવાર્ય છે.
એક ભક્ત તરીકે જીવનને અનુપમ બનાવવા માટે
આજે જ આ પુસ્તિકા વસાવો...

:: પુસ્તક મેળવવાનું સ્થળ ::

SMVS સંસ્થાના તમામ બુક સ્ટોલ ઉપર ઉપલબ્ધ



આદ્ય સ્થાપક
ગુરુદેવ પ.પૂ. બાપજી

# ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પરિચય



દિવ્ય પ્રેરક
ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી

"સિદ્ધાંતમાં સમાધાન નહિ અને નિયમ-ધર્મમાં છૂટછાટ નહીં." - આ સૂત્રને જીવનપર્યંત ધારણ કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા-ઉપાસના અને મહિમાનો સર્વજનના હિતમાં પ્રચાર કરનાર ગુરુદેવ પ.પૂ. બાપજી એક સિદ્ધાંતવાદી સત્પુરુષ છે. ગુરુદેવ પ.પૂ. બાપજીની નિર્દંભ સાધુતા, ધર્મ-નિયમની અણીશુદ્ધતા, નિર્માનીપણું ને શ્રીજીનું જ કર્તાપણું આદિ અનેક ગુણોએ લાખોના જીવનમાં પ્રેરણાનાં પીયૂષ પાયાં છે. ગુરુદેવ પ.પૂ. બાપજી એવા ક્રાંતિકારી યુગપુરુષ છે કે જેમના અલ્પ જોગથી મુમુક્ષુને ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપની યથાર્થ ઓળખાણ થઈ જાય અને આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ થાય. અવરભાવની ૮૬ વર્ષની ઉંમર સુધી તેઓએ વિશેષત: પંચમહાલ અને સમગ્ર ગુજરાતના અસંખ્ય ગામડાંઓમાં તથા દેશ-વિદેશના અનેક શહેરોમાં વિચરણ કર્યું હતું. હજારો ભક્તોનાં ઘરોની વ્યક્તિગત મુલાકાત લીધી હતી. તેઓના દાખડે લાખો સંતો-હરિભક્તોના જીવનમાં પરિવર્તનના દીવડા પ્રકાશ્યા છે.

તેઓના ક્રાંતિકારી કાર્યોને વધુ વેગ આપી જન જન સુધી તેમનો સંદેશો પહોંચાડવા ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞાથી વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી સંસ્થાનું નેતૃત્વ સંભાળી રહ્યા છે. સાથે ગુરુદેવ પ.પૂ. બાપજીના તમામ કલ્યાણકારી ગુણોને ધારણ કરી અનેરું શિષ્યત્વ શોભાવી રહ્યા છે. તેઓને સ્વયં સ્વામિનારાયણ ભગવાને પ્રતિમામાંથી પ્રગટ થઈ દીક્ષા આપી આશીર્વાદ આપ્યા : **"ગમે તેવો અધમ અને પાપી જીવ હશે પણ તું એનો મોક્ષસંબંધી જે જે સંકલ્પ કરીશ તે અમો સત્ય કરીશું અને છેક મૂર્તિના સુખમાં પહોંચાડીશું. અમે સદાય તારા ભેળા છીએ. તારા તમામ સંકલ્પો પૂરા થશે. આથી અમે તારું નામ 'સાધુ સત્યસંકલ્પદાસ' રાખીએ છીએ."**

આજે દેશ-સમાજમાં આધ્યાત્મિક ઉન્નતિનું કાર્ય હોય કે પછી સમાજસેવા કરવાનું ભગીરથ કાર્ય હોય તેમાં ગુરુવર્ય પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રીની નિરંતર પ્રેરણા મળતી રહી છે. તેઓની પ્રેરણાથી જ એસ.એમ.વી.એસ. સંસ્થાના સંતો-કાર્યકરો અવિરત વિચરણ કરી જીવનપરિવર્તનની સાથે દેહભાવથી પૃથક્ થઈ આત્મભૂમિકાએ અનાદિમુક્તની સ્થિતિ પામી છતે દેહે સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિનું સુખ પામવા માટેનો દિવ્ય સંદેશ જન જન સુધી પહોંચાડી રહ્યા છે. આવી ઉચ્ચ આધ્યાત્મિકતાની સાથે શૈક્ષણિક સેવાઓ, તબીબી સેવાઓ, ભૂકંપપીડિતોને સહાય તેમજ પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહતકાર્યની સેવાઓ તેમજ  સરકાર દ્વારા આવતા રચનાત્મક આયોજનોમાં પણ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની પ્રેરણાથી સંસ્થા સક્રિય રીતે જોડાતી રહી છે. ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ કાયમ એક વાત કહી છે કે, એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા થતા તમામ સેવાકાર્યોનું શ્રેય સ્વામિનારાયણ ભગવાનના ચરણે સમર્પિત છે. તેઓની જ દિવ્ય પ્રેરણાથી સંસ્થાની આન, બાન, શાન સમગ્ર વિશ્વમાં લહેરાઈ રહી છે.



સ્વામિનારાયણ ભગવાન મારા ઇષ્ટદેવ છે.

આ સત્સંગ મારું ઘર છે.

મહારાજની મૂર્તિ મારો ધ્યેય છે.

છતે દેહે હું મૂર્તિધામમાં જ છું.

મહારાજ માટે જ મારો જન્મ છે.

એમના થઈને જ સદા જીવવું છે.

ભગવાન અને સંતની સેવા એ જ મારું સુખ છે.

એમની આજ્ઞા અને અનુવૃત્તિમાં જ સદા રહીશ.

સત્સંગીમાત્રના સુખ-દુ:ખમાં સદા ભાગીદાર થઈશ.

SMVS
સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા

978-81-979369-9-9
BG116